RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 182* Date: 30.04.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## જેમ સુરતીઓ હીરો ચમકાવે તેમ ખેડૂત અને તેના પરસેવાને પણ ચમકાવે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# વડાપ્રધાને ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨નો પ્રારંભ કરાવ્યો

સુરત,તા.૨૯

આજથી સુરતના સરથાણામાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨નો પ્રારંભ થઈ રહ્યો છે. ત્રણ દિવસ ચાલનારા આ સમિટનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલી માધ્યમથી કર્યું હતું.આ સમિટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ વર્ચ્યુઅલી જોડયા હતા. આ વખતના સમિટમાં ૩૬ કિલો ચાંદીના ભગવાનના વાઘા આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રેમવતી ગોલ્ડ દ્વારા ભગવાનના આ વાઘા તૈયાર કરાયા છે. ૧૮ કારીગરોએ ૯૫ દિવસને મહેનત બાદ આ ખાસ વાઘા બનાવ્યા છે. ગ્લોબલ પાટીદાર સમિટમાં દેશ વિદેશ અનેક પાટીદાર ઉદ્યોગપતિઓ જોડાયા હતા.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું કે, દુનિયાના સૌથી તેજીથી વિકસિત થઈ રહેલા શહેરોમા એક શહેર સુરત છે. આજે સૌ સુરતમાં બેસીને નવો સંકલ્પ લઈ રહ્યાં છીએ. ગુજરાત પ્રતિ અને ભારત પ્રતિ આપણા સહિયારા પ્રતિબદ્ધતાનું પરિણામ છે. દેશને નવી આઝાદી મળી હતી ત્યારે સરદાર પટેલે કહ્યુ હતું કે, ભારતમાં સંપદાની કોઈ અછત નથી. આપણે ફક્ત આપણુ દિમાગ તેના સદુપયોગ માટે લગાવવુ પડશે. આગામી ૨૫ વર્ષમાં જ્યારે આપણે સંકલ્પ સાથે નીકળીએ તો સરદાર પટેલની આ વાતને ભૂલવુ ન જોઈએ. આજે ભારત પાસે ઘણુ છે, માત્ર આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા જુસ્સાને મજબૂત કરવાનો છે. વિકાસમાં સૌથી ભાગીદારી હશે તો જ આ આવશે. ગત ૮ વર્ષમા દેશમાં બિઝનેસ, ઉદ્યમ, ક્રિએટિવિટીનો નવો વિશ્વાસ જગાવવાનો પ્રયાસ કરાયો છે. દેશના યુવકો આંત્રપ્રિન્યોર બનાવનુ સપનુ જોવા લાગ્યા છે. મેક ઈન ઈન્ડિયાને નવી ભારતની નવી સંસ્કૃતિ બનાવવા કામ કરવામાં આવી રહ્યુ છે.

તેમણે કહ્યું કે, નાનો વેપાર કરનારો દેશવાસી પણ ભારતની ગ્રોથ સ્ટોરી સાથે પોતાને જોડાયેલુ અનુભવે છે. તેને પણ પીએમ સ્વરોજગાર યોજનાથી ભાગીદારી મળી છે. આ યોજનાને ડિસેમ્બર ૨૦૨૪ સુધી આગળ વધારાઈ છે. દરેક વેપારનો દેશના વિકાસમાં યોગદાન છે. મને ખુશી છે કે આ સમિટમાં તમે આ વિષય પર ચર્ચા કરી રહ્યા છે. ગગજીભાઈ સાથે વાત કરો તો નિરાશાનું નામ ન હોય. નવુ કરવાની વાત તેમનો સ્વભાવ બન્યો છે. સમાજ માટે જાત ઘસીને કરવાનું તેનાથી આ કામ સફળ થતા હોય છે. હીરાની દુનિયામાં આપણે હીરા બનાવ્યા, પણ આજે જુદા ક્ષેત્રમા તમને લઈ જવા માંગુ છું. મારુ સૂચન છે કે, નાનુ ગ્રૂપ બનાવો. જેમાં અનુભવી વડીલો હોય અને ૪૦ ટકા યુવાનો હોય. તેમને ગુજરાતમાં કયા વિષયમાં દેશમા આગળ વધવુ હોય તે માટે રિસર્ચ કરે. સરકારી નીતિ, સમસ્યા, પડકારો પર કામ કરે. બેક્કિંગ માટે પણ કામગીરી થાય. નીતિઓમાં ક્યાં ભૂલ છે, ક્યા સમસ્યા ઉભો થાય છે, ફાઈનાન્સ જેવા વિષયો પર ડોક્યુમેન્ટેશન કરે.

પીએમ મોદીએ ખેતી ક્ષેત્રે કહ્યુ કે, આજે મારી સામે ૯૯ ટકા લોકો ખેડૂતના દીકરા છે. કરોડોમાં ભલે રમે, પણ આપણી જડ ખેતી છે. વડવાઓનુ તપ છે. જો આપણે વેપારમાં આગળ વધ્યા તો ખેતી ક્ષેત્રે કેમ નહિ. લગભગ જમીન પર બિલ્ડર આવીને મોટી ઈમારત બનાવે. પણ હવે જ્યારે નર્મદાનુ પાણી ખૂણેખૂણે પહોંચ્યુ છે તો ગુજરાતની ખેતી આધુનિક બનાવવા માટે આ ક્ષેત્રમાં જોડાવે. મારી વિનંતી છે કે ગુજરાતની જમીનનું રિસર્ચ કરનારી ટીમ બનાવો. એગ્રિકલ્ચર ક્ષેત્ર સાથે મળીને કામ કરો. આજથી વર્ષો પહેલા ગુજરાતમાં ડેરી ઉદ્યોગ વિકસ્યો ન હોત તો આપણા ગામડાની અને ખેડૂતોની દશા માઠી થઈ હોત. આજે ગુજરાતનું ડેરી ઉદ્યોગમાં નામ થયુ છે. પશુપાલન અને દૂધના વ્યવસાયને તાકાત મળી છે. તેવી જ તાકાત કૃષિ પેદાશને મળી શકે. જેમ હીરો ચમકાવો તેમ મારા ખેડૂત અને તેના પરસેવાને વધુ ચમકાવો. ફૂડ પ્રોસેસિંગમાં આપણે બહુ જ પાછળ છે. કારણ કે પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ આવી નથી રહ્યુ.

તેમણે કહ્યુ કે, આયુર્વેદની માંગ વધી છે. આપણે દુનિયાના હોલિસ્ટિક હેલ્થકેરની જે ચર્ચા ચાલી છે, તેમાં આપણે યોગદાન આપી શકીએ છીએ. સુરતથી બહાર જઈને આ ક્ષેત્રમાં જઈ શકો છો. હવે નક્કી કરો કે મોટા શહેરોમાં કામ નથી કરવું. વીજળી મળતા જ હીરાઘસુઓ ગામડામાં હીરાની ઘંટી લઈ ગયા. નક્કી કરો કે ગુજરાતના મોટા શહેરો નહિ, પણ તેના પછીના શહેરોમાં કામ કરો. તેનાથી ઈન્વેસ્ટમેન્ટમાં બચત થશે. જમીન સસ્તી મળશે અને ગુજરાતના વિકાસનો દાયરો ફેલાશે. ૨૫-૩૦





એવા નાના શહેરો પકડો અને તેને ધમધમતા કરો. એ શહેરોની નજીક નવા શહેરો બની શકે છે. આ સમિટમાં આ દિશામાં વિચાર કરશો તો મારા મનમાં લાંબા ગાળની સ્કીમ બનાવતા એકેડેમિક વર્લ્ડ મારી સાથે આવશે. મને તમારા પર ભરોસો છે. એક તબક્કે મોદીએ ગુજરાતના પાટીદાર સમુદાયને ટકોર પણ કરી હતી કે, તમારા (પાટીદારના) છોકરાઓ ઝંડા લઈને મુર્દાબાદ, મુર્દાબાદ કરતા નિકળી પડે છે તો તેમને સમજાવો કે જયોતિગ્રામ યોજના આવી તે પહેલા કેવા અંધારામાં રહેતા હતા.

પોતાના ભાષણની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબને યાદ કરતાં કહ્યું કે, સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી વખતે કહેલું કે, દેશમાં સંપદાની કોઈ અછત નથી. આપણે માત્ર આપણા મગજનો સદઉપયોગ કરીને તેના ઉપયોગ કરવાની જરૂર છે. આપણે એક સંકલ્પ સાથે કોઈ કામની શરૂઆત કરીશું તો પરિણામ ચોક્કસ મળવાનું છે. માટે સરદાર સાહેબની વાતને ન ભૂલવી જોઈએ.

વડાપ્રધાને કટાક્ષ કરતાં કહ્યું કે, આજકાલ અમારો વિરોધ કરતાં અને અમારી વિરુદ્ધ નારેબાજી કરતાં તમારા છોકરાઓને સમજાવો કે, પહેલા કેવા દિવસો હતાં. વીજળી પણ પૂરતી મળતી નહોતી. સરકારે કેટલી મહેનત કરીને આ પ્રગતિમાં આપણે પહોંચ્યા છીએ. એ પણ ન ભૂલવું જોઈએ.

## જે સમાજને હિંસા પસંદ છે, એ આજે પોતાના અંતિમ દિવસો ગણી રહ્યા છે : મોહન ભાગવત

મુંબઈ

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે કહ્યુ કે હિંસાથી કોઈનુ હિત નથી થતુ. ભાગવતે બધા સમાજના લોકોને સાથે લાવવા અને માનવતાની રક્ષાની વાત કહી. હાલના દિવસોમાં જે રીતે દેશના અલગ-અલગ ભાગોમાં હિંસાના સમાચારો સામે આવ્યા છે તેને લઈને ભાગવતનુ આ નિવેદન સામે આવ્યુ છે. આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે આ સાથે જ સિંધી સંસ્કૃતિ અને તેની ભાષાને સંરક્ષિત રાખવાની વકીલાત કરી અને કહ્યુ કે દેશમાં સિંધી વિશ્વ વિદ્યાલયની સ્થાપના થવી જોઈએ. ભારત એક બહુભાષીય દેશ છે જ્યાં બધી ભાષાઓનુ પોતાનુ મહત્વ છે. મોહન ભાગવતનુ આ નિવેદન મહારાષ્ટ્રમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન આવ્યુ છે. ભાગવતે કહ્યુ કે અમરાવતી જિલ્લાના સિંધી સમાજના લોકો દેશના અલગ-અલગ ભાગોમાંથી આવે છે અને આ કાર્યક્રમમાં ભાગ લે છે. ભાગવતે કહ્યુ કે હિંસાથી કોઈનો ફાયદો નથી થતો. જે સમાજને હિંસા પસંદ છે એ દેશમાં અંતિમ દિવસો ચાલી રહ્યા છે. જે લોકો અહિંસાને માને છે, શાંતિ પ્રિય છે એ જ અહીં રહેશે. આપણે હંમેશા અહિંસાને અપનાવવી જોઈએ અને શાંતિપ્રિય રીતે રહેવુ જોઈએ. આના માટે જરુરી છે કે બધા સમાજના લોકો એક થાય અને માનવતાની રક્ષા કરે. આપણે સહુએ આ કામ પ્રાથમિકતા સાથે કરવાની જરુર છે. હાલમાં જ રામનવમી અને હનુમાન જયંતિના પ્રસંગે દેશના અલગ-અલગ ભાગોમાં હિંસાના સમાચારો અને ટકરાવના સમાચારો સામે આવ્યા હતા. લગભગ અડધા ડઝન રાજયોમાં ત્યાં સુધી કે ભાજપ શાસિત રાજ્યો ગુજરાત અને મધ્ય પ્રદેશમાં પણ આ પ્રકારની ઘટનાઓ સામે આવી હતી. સિંધી સમાજના યોગદાનને યાદ કરીને ભાગવતે કહ્યુ કે અમુક સિંધી પાકિસ્તાનમાં જ રહ્યા જેથી તે પોતાની સંસ્કૃતિ અને ભાષાને ત્યાં સંરક્ષિત કરી શકે, ઘણા ભારત આવ્યા જેથી તે અહીં પોતાની સંસ્કૃતિની રક્ષા કરી શકે, આ લોકોએ પોતાની જમીન આના માટે છોડી દીધી.

## ભારતે ત્વરિત, ટૂંકી લડાઈ માટે તૈયાર રહેવું પડશે: આઈએએફના વડા

નવીદિલ્હી,તા.૨૯

ભારતની હાલની ભૌગોળિક સ્થિતિ એવી છે કે તેના કારણે ભારતીય વાયુ દળને નાના અને ત્વરિત લડાઈની તૈયારી કરવી પડે તેમ છે. પૂર્વી લડાખ જેવા વિસ્તારોમાં લાંબાગાળાથી ચાલી રહેલા ઘર્ષણને જોતાં આ સ્થિતિ સર્જાઇ શકે તેમ છે તેમ વાયુ દળના વડા વી આર ચૌધરીએ કહ્યું છે.

એક સેમિનારને સંબોધતાં ચૌધરીએ સલામતીને લગતા વિવિધ પડકારો સાથે કામ પાર પાડવા પર ભાર મુકવાની હાકલ કરી હતી.એ પછી વાયુ દળે ટ્વિટર પર કહ્યું હતુ કે એર ચીફ માર્શલ ચૌધરીએ સૂચના આપી હતી કે હાલના સપ્લાય ચેન્નઇ મેનેજમેન્ટમાં લોજિસ્ટિક ક્ષમતાને વધારવાનો હેતુ હોવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે ભારત અને ચીન આશરે બે વર્ષથી પૂર્વી લડાખમાં કેટલાક મહત્વના સ્થળોએ સામસામે છે. જોકે બન્ને પક્ષોએ લશ્કરી અને રાજદ્વારી વાટાઘાટોને કારણે આ વિસ્તારમાં તેમનું લશ્કર પાછું ખેંચી લીધું છે અને કેટલાક માળખા તોડી નાખ્યા છે. એર ચીફ માર્શલ ચૌધરીએ કહ્યું હતું કે ભારતીય વાયુ દળના તાજેતરના અનુ?ભવો તેમજ ભૌગોળિક સ્થિતિઓ તેને દરેક રીતે મજબૂત બનાવવાની ફરજ પાડે છે. હાલની ભૌગોળિક સ્થિતિમાં ભારતીય વાયુ દળને ટૂંકા ગાળાની નોટિસમાં ત્વરિત અને નાની અવધિના ઓપરેશન્સ માટે તૈયાર રહેવું પડશે.

## દેશમાં કોરોનાના એક જ દિવસમાં નવા ૩,૩૭૭ કેસ,૬૬ દર્દીઓના મોત

નવીદિલ્હી,તા.૨૯

દેશમાં દિવસેને દિવસે કોરોનાના કેસ વધી રહ્યા છે. ઝડપથી વધી રહેલા કેસોને જોઈને વહીવટીતંત્ર અને લોકો ચિંતામાં આવી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩,૩૭૭ નવા કેસ નોંધાયા છે, જયારે આ સમયગાળા દરમિયાન ૬૬ લોકોના મોત થયા છે. કોરોનાના આ નવા કેસ નોંધાયા બાદ હવે આંકડો ૪ કરોડ ૩૦ લાખ ૭૨ હજાર ૧૭૬ પર પહોંચી ગયો છે. આ સાથે દેશભરમાં આ મહામારીથી મૃત્યુઆંક વધીને ૫ લાખ ૨૩ હજાર ૭૫૩ થઈ ગયો છે.

દેશમાં સક્રિય કેસોની સંખ્યા પર નજર કરીએ તો હાલમાં ૧૭ હજાર ૮૦૧ દર્દીઓ સક્રિય છે. તે જ રીતે, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૫ લાખ ૩૦ હજાર ૬૨૨ લોકો આ રોગચાળામાંથી સાજા થયા છે. ઉત્તર પ્રદેશમાં કોરોનાના કેસ દરરોજ ફરી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયમાં કોરોનાના ૨૫૮ નવા કેસ નોંધાયા છે. આ સતત બીજો દિવસ છે જયારે રાજયમાં કોરોનાના ૨૫૦ થી વધુ કેસ નોંધાયા છે. ગુરુવારે પણ રાજયમાં કોરોનાના ૨૬૧ કેસ નોંધાયા હતા. જો કે છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયમાં કોરોનાને કારણે એકનું મોત થયું છે.

ચેપના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ ૮૦ લાખ અને ૨૦ નવેમ્બરના રોજ ૯૦ લાખને વટાવી ગયા હતા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ, દેશમાં આ કેસ એક કરોડને વટાવી ગયા હતા. ગયા વર્ષે, ૪ મેના રોજ, સંક્રમિતોની સંખ્યા ૨૦ મિલિયનને વટાવી ગઈ હતી અને ૨૩ જૂન, ૨૦૨૧ ના રોજ, તે ૩૦ મિલિયનને વટાવી ગઈ હતી. આ વર્ષે ૨૬ જાન્યુઆરીએ કેસ ચાર કરોડને વટાવી ગયો હતો.

# અનામત ઉમેદવારનું મેરીટ જનરલ કરતા ઉંચુ હોય તો ઓપન કવોટા માટે હકકદાર : સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે શેડયુલ કાસ્ટ- શેડયુલ ટ્રાઈબ કે ઓબીસી કેટેગરીના ઉમેદવારને જો જનરલ કેટેગરીના ઉમેદવાર કરતા વધુ ઉંચા માર્કસ હોય તો તેને જનરલ કેટેગરીમાં પ્રવેશનો-નોકરીનો હકક રહેશે. જેનો મતલબ એ થઈ શકશે કે જો અનામત કેટેગરીના વિદ્યાર્થી ઉંચા મેરીટના કારણે જનરલ કેટેગરીથી વધુ માર્કસ કે રેક્ર મેળવતા હોય તો તે જનરલ કેટેગરીમાં પ્રવેશ-નોકરીનો અધિકાર કે નિયુક્તિને પાત્ર ગણાશે અને અનામત કેટેગરીમાં જે તે અનામત વર્ગના અન્ય વિદ્યાર્થીને લાભ આપી શકાશે.સુપ્રીમ કોર્ટના



ન્યાયમૂર્તિ એમ.આર.શાહની ખંડપીઠે અગાઉના સુપ્રીમ કોર્ટના ચુકાદા જેમાં ભારત સરકાર વિ. સૌરવ યાદવ વિ. ઉતરપ્રદેશ સરકાર અંગેના કેસમાં અપાયેલા ચુકાદાનો આધાર લીધો હતો.

ભારત સંચાર નિગમ લી.માં ભરતી અંગે બે અરજદાર અશોકકુમાર યાદવ અને દિનેશકુમાર યાદવે સ્પર્ધાત્મક મહિનામાં જનરલ કેટેગરીના ઉમેદવાર કરતા વધુ માર્કસ મેળવ્યા હતા અને તેઓએ જનરલ કેટેગરીના ઉમેદવાર તરીકે તેઓને નિયુક્તિ આપવા માંગ કરી હતી. જેનો ઈક્કાર થતા વિવાદ હાઈકોર્ટમાં ગયો અને હાઈકોર્ટે પણ આ બન્ને ઉમેદવારને જનરલ કેટેગરીના ઉમેદવાર ગણી મેરીટમાં તે મુજબ સ્થાન આપવા આદેશ આપ્યો હતો જેની સામે ભારત સંચાર નિગમ લી.એ સુપ્રીમમાં અરજી કરી હતી પણ સર્વોચ્ચ અદાલતે પણ હાઈકોર્ટના આદેશને યોગ્ય ગણાવ્યો હતો. રાજસ્થાન ટેલીકોમ સર્કલમાં ટેલીકોમ ટેકનીકલ આસીસ્ટન્ટ ની ભરતીમાં આ વિવાદ સર્જાયો હતો. પરીક્ષામાં જનરલ કેટેગરીના કોઈ વિદ્યાર્થીઓએ ૪૦% થી વધુ માર્કસ મેળવ્યા ન હતા. જયારે ઓબીસી કેટેગરીમાં ચાર વિદ્યાર્થીઓને ૩૩%થી વધુ માર્કસ મળ્યા હતા. પરિણામ કંગાળ હોવાથી બીએસએનએલ એ તમામ કેટેગરીમાં યોગ્યતાનો માપદંડ ૧૦% ઘટાડયો જેના કારણે જનરલ કેટેગરીમાં ૩૦% અને અનામત કેટેગરીમાં ૨૩%નો માપદંડ નિશ્ચિત થતા જ ઓબીસી કેટેગરીમાં ૩૩% મેળવનાર વિદ્યાર્થીઓએ તેમને જનરલ કેટેગરીમાં નિયુક્ત આપવા માટે અરજી કરી હતી. જેના કારણે ઓબીસી કેટેગરીમાં વેઈટીંગમાં આવતા વિદ્યાર્થીઓ સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલમાં અપીલ કરી હતી અને તેમની તરફેણમાં ચુકાદો લઈને તેઓએ અનામત કેટેગરીમાં નોકરી મેળવી હતી.

## જીએસટીનું વળતર લંબાવવામાં નહીં આવે તો રાજ્યને આવકમાં ૩૦,૦૦૦ કરોડનું નુકસાન થશે

નવીદિલ્હી,તા.૨૯

જો કેન્દ્ર સરકાર ચાલુ વર્ષના જુલાઈ મહિનાથી જીએસટી વળતરને લંબાવશે નહીં તો સૌથી વધુ ટેક્સ ચૂકવનારા મહારાષ્ટ્ર રાજ્યને વર્ષે ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન જશે એમ રાજ્યના નાણા વિભાગના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. જીએસટી ઍક્ટમાં એના અમલીકરણનાં પ્રથમ પાંચ વર્ષમાં રાજ્યને આવકમાં થયેલા નુકસાન સામે મહિનામાં બે વખત વળતર ચૂકવવાની ખાતરી આપવામાં આવી હતી.

નાણાકીય વર્ષ ૨૦૧૫-'૧૬ને પાયાનું વર્ષ ગણીને જીએસટી કલેક્શનમાં વાર્ષિક ૧૪ ટકાની વૃદ્ધિની ધારણા મૂકીને આવકમાં ઘટાડાની ગણતરી કરવામાં આવી હતી. ૧ જુલાઈ ૨૦૧૭થી એકસમાન કરવ્યવસ્થા લાગુ કરવામાં આવી હોવાથી પાંચ વર્ષનો આ સમયગાળો જૂન ૨૦૨૨માં પૂરો થાય છે. અનેક રાજ્યોએ જૂન ૨૦૨૨ બાદ જીએસટી વળતરને લંબાવવાની માગણી કરી હોવા છતાં તેમ જ કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે એને સ્વીકૃતિ આપી હોવા છતાં હજી રાજ્યોને એની ખાતરી આપવામાં આવી નથી.

એક ઉચ્ચ ઔદ્યોગિક રાજ્ય હોવાને કારણે મહારાષ્ટ્ર એકઠા કરાયેલા કુલ કેન્દ્રીય જીએસટીમાં લગભગ ૧૫ ટકા ફાળો આપે છે જે કેન્દ્ર સરકારને જાય છે.

જો જીએસટી વળતર પ્રણાલીને જૂન પછીથી લંબાવવાનો ઈનકાર કરે છે તો મહારાષ્ટ્રને આવકમાં ૩૦,૦૦૦ કરોડનું નુકસાન થાય એમ છે. ૨૦૨૦-'૨૧માં કેન્દ્રએ રાજ્ય પાસેથી ૪૬,૬૬૪ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા અને રાજ્યને ૫૨૧ કરોડ મળ્યા હતા. કેન્દ્ર જુલાઈ મહિનામાં ચુકવણી કરે છે અને એમાં વિલંબ થાય તો વહીવટી ગૂંચવણો સર્જાય છે એમ અધિકારીએ જણાવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

# ભારતની દૃઢતા

*ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકરની દૃઢતા બધાનું ધ્યાન ખેંચવા લાગી છે. ભારત હાલમાં જે ભાષા કે ભાવમાં વાત કરી રહ્યું છે, તે બિલકુલ યોગ્ય છે. એક સ્થિર લોકતંત્ર, વિશાળ આબાદી અને ખુલ્લા બજારવાળા ભારતને જે લાભ મળવા જોઇએ, તે અત્યાર સુધી મળ્યા નથી. વિદેશ મંત્રીની દૃઢતા લાભ અપાવી શકે છે, એટલું જ નહીં, ભારતની રક્ષા પંક્તિને પણ મજબૂત કરી શકે છે. અસલમાં ભારતની વિદેશ નીતિ એ જ છે જે પહેલાં હતી, પરંતુ હવે પરિસ્થિતિઓ બદલાઈ ગઈ છે અને પશ્ચિમના દેશ કમજોર જમીન પર ઊભા છે. કેટલાક દેશોનો પક્ષપાત ભારત જ નહીં, આખી દુનિયા વેઠતી રહી હતી, પરંતુ હવે એવા પક્ષપાતી દેશોની નીતિઓ ઊંધા મોંએ પછડાવા લાગી છે. એવા પક્ષપાતી દેશોની સલાહ પહેલાંની સરકારો સાંભળી લેતી હતી, પરંતુ અત્યારની સરકાર તેમના કુતર્કો કે સૂફિયાણી સલાહો સાંભળતી નથી, જેના પર ખુદ પશ્ચિમના દેશો જ ન ચાલતા હોય. વિદેશ મંત્રીએ યોગ્ય જ કહ્યું કે ભારત પોતાની શરતોએ દુનિયા સાથે સંબંધો નિભાવશે અને તેમાં તેને કોઈની સલાહની જરૂર નથી.*

*રાયસીના ડાયલોગમાં તેમણે બહુ ઊંડી વાત કરી કે તેઓ કોણ છે સમજીને દુનિયાને ખુશ રાખવાને બદલે, આપણે એ આધાર પર દુનિયા સાથે સંબંધ બનાવવા જોઇએ કે આપણે કોણ છીએ! દુનિયા આપણા વિશે જણાવે અને આપણે દુનિયા પાસે મંજૂરી લઈએ, તે દોર ખતમ થઈ ચૂક્યો છે. સાથે જ તેમણે એમ પણ કહ્યું કે આગામી ૨૫ વર્ષોમાં ભારત વૈશ્વીકરણનું કેન્દ્ર હશે. આ સંકલ્પ વાજબી છે, પરંતુ તેને સાકાર કરવા માટે બુનિયાદી રૂપે આપણે મજબૂત થવું પડશે. અર્થવ્યવસ્થાની વધુ ચિંતા કરવાની જરૂર છે. જ્યારે આપણે ત્યાં પૂરતું રોકાણ હશે, ભરપૂર રોજગાર હશે તો આપમેળે આપણા જીડીપીમાં વધારો થશે. જોકે એવાં સપનાં અનેક નેતાઓએ પહેલાં પણ ભારતવાસીઓને દેખાડ્યાં છે, પરંતુ વાસ્તવમાં ભારત પોતાને ત્યાં આતંકવાદ, અશિક્ષણ અને ગરીબી જેવી સમસ્યાનું યોગ્ય સમાધાન નથી કરી રહ્યું. દુનિયામાં ભારત એક સશક્ત દેશ રૂપે દેખાય, તેના માટે આત્મનિર્ભરતા ખૂબ જરૂરી છે. આત્મનિર્ભરતા જ આપણને વૈશ્વીકરણના કેન્દ્રમાં લાવશે. તેથી વિદેશ મંત્રીની દિશા બિલકુલ યોગ્ય છે, તે વ્યાપકતામાં વિચારી રહ્યા છે કે કઈ ચીજમાં આપણે નિષ્ફળ રહ્યા છીએ. આપણી નિષ્ફળતાઓનું વાજબી અધ્યયન જ આપણને વિકાસ તરફ ઝડપથી લઈ જશે. હાલમાં યુરોપીય દેશો રોજ ભારતને સલાહ આપી રહ્યા છે કે તે રશિયા સાથે વધુ વેપાર ન કરે. નવા ભારતના વિદેશમંત્રી હવે વારંવાર ઇશારો કરી રહ્યા છે કે તેમને કોઈની સલાહ લેવાની જરૂર નથી. તેમણે ચીનનું નામ લીધા વગર બિલકુલ યોગ્ય સવાલ ઉઠાવ્યો કે યુરોપ સમયે કેમ ચૂપ હતું, જ્યારે એક દેશ એશિયાને ધમકાવી રહ્યો હતો? વાસ્તવમાં આ યુરોપના જાગવાનો સમય છે કે તે એશિયા તરફ જુએ. એશિયામાં પણ અસ્થિર સીમાઓ અને આતંકવાદ જેવી સમસ્યાઓ ખતરો બનેલી છે. પશ્ચિમી દેશ એશિયાઇ દેશોને ફક્ત સલાહ આપીને કામ ચલાવતા આવ્યા છે. જે દેશ સૈન્ય તાકાત પર ભરોસો કરે છે, તે પણ ભારત કે એશિયાના દેશોને પરસ્પર મંત્રણાથી વિવાદ ઉકેલવાની સલાહ આપે છે, જ્યારે પરોક્ષ રૂપે વિવાદો તરફ આંખો મીંચીને બધા માટે સમસ્યાઓ વધારે છે. હવે બદલાયેલી પરિસ્થિતિમાં પશ્ચિમી દેશોને ભારતની વાજબી ચિંતાઓ પર ધ્યાન આપવું પડશે અને તેની શરૂઆત કદાચ થઈ ચૂકી છે.*

## કોટનમાં ૪૧,૫૦૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૧,૧૧,૬૫૦ ગાંસડીના સ્તરે

# સોનાનો વાયદો રૂ.૪૭૩ અને ચાંદીનો વાયદો રૂ.૬૨૦ ઊછળ્યો: ક્રૂડ તેલ રૂ.૧૧૯ વધ્યું: નેચરલ ગેસ, રબરમાં નરમાઈ: મેન્થા તેલ, કોટનમાં સુધારો: બુલડેક્સ વાયદામાં ૧૩૪ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૨,૦૯૯ સોદાઓમાં કુલ રૂ.૧૪,૩૩૭.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના મે વાયદામાં ૧૩૪ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૨,૨૩૦ સોદાઓમાં કુલ રૂ.૩,૯૦૦.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૪૯૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૭૭૪ અને નીચામાં રૂ.૫૧,૪૯૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭૩ વધી રૂ.૫૧,૭૩૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૫૨ વધી રૂ.૪૧,૬૪૩ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૪૬ વધી રૂ.૫,૧૯૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૭૭ વધી રૂ.૫૧,૮૬૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૪,૧૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૪,૭૧૦ અને નીચામાં રૂ.૬૪,૦૭૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૨૦ વધી રૂ.૬૪,૫૩૭ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૮૪૮ વધી રૂ.૬૪,૮૪૯ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૭૪૯ વધી રૂ.૬૪,૯૧૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૯૩૪ સોદાઓમાં રૂ.૧,૬૫૯.૫૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો ૧ કિલોદીઠ રૂ.૫.૦૫ ઘટી રૂ.૨૫૧.૯૫ અને જસત એપ્રિલ વાયદો રૂ.૦.૧૫ વધી રૂ.૩૫૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૪.૭૦ વધી રૂ.૭૮૬.૪૦ અને નિકલ એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૭૧.૫ ઘટી રૂ.૨,૫૩૨.૩૦ તેમ જ સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ વધી રૂ.૧૮૪ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૪,૮૨૯ સોદાઓમાં કુલ રૂ.૩,૯૨૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ મે વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૮,૦૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮,૧૭૫ અને નીચામાં રૂ.૮,૦૪૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૧૯ વધી રૂ.૮,૧૫૬ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ મે વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૮૦ ઘટી રૂ.૫૨૪.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૪૫૫ સોદાઓમાં રૂ.૨૦૧.૯૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન એપ્રિલ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૬,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૬,૦૦૦ અને નીચામાં રૂ.૪૫,૩૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૫૦ વધી રૂ.૪૫,૬૮૦ના સ્તરે પહોંચ્યો હતો. રબર મે કોન્ટ્રેક્ટ ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૯૫૮ના ભાવે ખૂલી, રૂ.૨૧૭ ઘટી રૂ.૧૬૯૫૭ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૧૦ વધી રૂ.૧૦૫૭.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૩,૯૦૪ સોદાઓમાં રૂ.૧,૮૧૫.૯૮ કરોડનાં ૩,૫૧૪.૨૩૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૪૮,૩૨૬ સોદાઓમાં કુલ રૂ.૨,૦૮૪.૦૫ કરોડનાં ૩૧૯.૬૮૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯,૬૬૧ સોદાઓમાં રૂ.૧,૭૭૩.૫૮ કરોડનાં ૨૧,૮૬,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫,૧૬૮ સોદાઓમાં રૂ.૨,૧૫૦ કરોડનાં ૪૦૫૯૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૨૦૬ સોદાઓમાં રૂ.૧૯૦.૩૩ કરોડનાં ૪૧૫૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૪૭ સોદાઓમાં રૂ.૧૧.૬૨ કરોડનાં ૧૦૭.૬૪ ટન, રબરના વાયદાઓમાં ૨ સોદાઓમાં રૂ.૦.૦૩ કરોડનાં ૨ ટનના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૪૮૬.૦૭૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૯૨.૫૭૫ ટન, ક્રૂડ તેલમાં ૮૫૯૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૬૬૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૧૧૬૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૩.૧૨ ટન, રબરમાં ૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં ૭૯૦ સોદાઓમાં રૂ.૬૧.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૭૯૦ સોદાઓમાં રૂ.૬૧.૮૮ કરોડનાં ૮૩૩ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૦૦૨ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ મે વાયદો ૧૪,૭૯૩ના સ્તરે ખૂલી, ૧૩૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૫૨ પોઈન્ટ વધી ૧૪,૮૯૬ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ૪૩૮૬૧ સોદાઓમાં રૂ.૪,૫૯૦.૦૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૬૪.૭૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૩.૭૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૩૯૯.૨૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૯૨.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪૬.૧૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૫૫ અને નીચામાં રૂ.૫૨૦ રહી, અંતે રૂ.૧૫૧ વધી રૂ.૬૪૬ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૯.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૬.૧૦ અને નીચામાં રૂ.૨૩૦ રહી, અંતે રૂ.૪૦.૩૦ વધી રૂ.૨૭૦.૯૦ થયો હતો. સોનું મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૦૦.૫૦ અને નીચામાં રૂ.૫૦૩ રહી, અંતે રૂ.૧૪૧ વધી રૂ.૫૮૬.૫૦ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો સોનું-મિની મે રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૪ ખૂલી, ઊપરમાં રૂ.૯૮૪ અને નીચામાં રૂ.૮૫૩ રહી, અંતે રૂ.૨૫૮.૫૦ ઘટી રૂ.૮૯૪.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ મે રૂ.૮,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૩.૪૦ અને નીચામાં રૂ.૩૧૮.૯૦ રહી, અંતે રૂ.૫૧ ઘટી રૂ.૩૩૧.૧૦ થયો હતો. સોનું મે રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૨ અને નીચામાં રૂ.૧૪૧.૫૦ રહી, અંતે રૂ.૮૯.૫૦ ઘટી રૂ.૧૫૩ થયો હતો.

## નેશનલ ઈવેન્ટ "WSRO 2022" ૩૦મી એપ્રિલ ૨૦૨૨ના રોજ સાયન્સસિટી અમદાવાદ ખાતે યોજાશે.

# વિશ્વનો સૌથી મોટો રોબોટિક્સ ફેસ્ટિવલ ભારતમાં

WSRO એ વાર્ષિક ઈવેન્ટ છે અને એશિયામાં સૌથી મોટા રોબોટિક્સ અને STEM ફેસ્ટિવલ પૈકી એક છે. હજારો એન્જિનિયરો, એક્ઝિક્યુટિવ્સ, વિદ્યાર્થીઓ અને પરિવારો ઉદ્યોગના નેતાઓ દ્વારા પ્રેરિત થવા, નવા સ્ટાર્ટઅપ્સની તપાસ કરવા, વિવિધ પડકારો માટે રોબોટ્સ બનાવવા અને નવીનતમ તકનીકી નવીનતાઓ વિશે જાણવા માટે એક સાથે આવે છે. WSRO એ ભારતના વંચિત વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્પર્ધા, રોબોટિક્સ અને STEM શિક્ષણ માટે એચઆરએફ હેપ્પીનેસ રિઝર્વ ફાઉન્ડેશન, અમદાવાદ સાથેનું એક કન્સોર્ટિયમ છે. તારીખ સુધી જ ટીમે ૬૦૦૦ વિદ્યાર્થીઓને રોબોટિક્સ અને STEM શિક્ષણમાં તાલીમ આપી છે. ૪ વર્ષની વયજૂથમાં શાળાના વિદ્યાર્થીઓ. ૨૦ વર્ષ સુધી. રોબોટિક્સ ટેક્નોલોજીમાં



અમારા નિષ્ણાતો દ્વારા સંપૂર્ણ તાલીમ આપવામાં આવે છે. WSR માર્ચ ૨૦૧૮ થી ટેકનોલોજી જ્ઞાન પ્રમોશનમાં મોખરે છે.

WSRO અને HRF એ SBS ખાતે ૨૦૧૮માં અમદાવાદમાં પ્રથમ રોબોટેક્સ ઈન્ડિયા ઈન્ટરનેશનલ લેવલ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં સમગ્ર ભારતમાંથી વિદ્યાર્થીઓ, કોચ, શિક્ષકો અને માતા-પિતા સહિત ૩૦૦૦ થી વધુ પ્રેક્ષકોએ ભાગ લીધો હતો. વિજેતાઓ ને ડિસેમ્બર ૨૦૧૮માં ટેલિન એસ્ટોનિયા ખાતે યોજાયેલી રોબોટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે પ્રાયોજિત કરવામાં આવ્યા હતા.૨૦૧૯ માં WSRO અને HRF એ સમગ્ર ભારતમાંથી ૩૦૦૦ સહભાગીઓ અને ૫૦૦ ટીમો સાથે દિલ્હી, ઈન્દોર, મુંબઈ, પુણે, લુધિયાણા અને અમદાવાદમાં ૬ પ્રાદેશિક સ્પર્ધાનું આયોજન કર્યું અને ત્યારબાદ અમદાવાદમાં ગ્રાન્ડ નેશનલ કોમ્પિટિશન રોબોટેક્સ ઈન્ડિયા ઈન્ટરનેશનલ નેશનલ લેવલની સ્પર્ધા યોજાઈ. શાંતિ બિઝનેસ સ્કૂલમાં ૨૦૧૯. વિજેતાઓને ઓગસ્ટ ૨૦૧૯માં ચીનના સાંઘાઈ ખાતે આયોજિત એશિયા વર્લ્ડ ચેમ્પિયનશિપ અને ડિસેમ્બર ૨૦૧૯માં ટેલિન એસ્ટોનિયા ખાતે ઈન્ટરનેશનલ રોબોટિક્સ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે પ્રાયોજિત કરવામાં આવ્યા હતા. ૨૦૨૨માં, WSR નેશનલ ઈવેન્ટ ૩૦મી એપ્રિલ, ૨૦૨૨નારોજ સાયન્સ સિટી, અમદાવાદ ખાતે હેપ્પીનેસ રિઝર્વ ફાઉન્ડેશન માટે સ્લોટ કરવામાં આવી છે. લાઈન ફોલોઈંગ, પીક એન્ડ પ્લેસ રોબોટિક્સ, યંગ સાયન્ટીસ્ટ, એન્ટરપ્રેન્યોર જેવા વિવિધ પડકારો છે અને ઘણા બધા પડકારો આ ઈવેન્ટનો એક ભાગ છે. આ સ્ટાર્ટઅપ એક્ઝિબિશનની સાથે, રોબોટિક્સ વર્કશોપ અને ટેક્નિકલસેશન પણ આ ઈવેન્ટનો એક ભાગ છે. WSRO સમગ્ર ભારતમાં ૧૦૦ ટીમો, ૨૫૦ સહભાગીઓ, ૧૦૦ કોચ, ૨૦ સ્ટાર્ટઅપ્સની અપેક્ષા રાખે છે. હેપ્પીનેસ રિઝર્વ ફાઉન્ડેશનના ડાયરેક્ટર શ્રી વિશાલ ચિરીપાલ કહે છે, ×એ આઈ અને રોબોટિક્સ એ ફ્યુચર છે, આ દિવસોમાં રોબોટિક્સ સર્જરી ખૂબ જ સામાન્ય બની ગઈ છે, આવી ઈવેન્ટ્સનું આયોજન કરવાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં નાની ઉંમરમાં જ વૈજ્ઞાનિક સ્વભાવ વિકસાવવાનો અને તેમને ઉદ્યોગ માટે તૈયાર કરવાનો છે.×


## અમદાવાદમાં આગામી બે દિવસ તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચશે

અમદાવાદ,તા.૨૯

હવામાન વિભાગે મહત્ત્વની જાહેરાત કરી છે. જે પ્રમાણે આગામી બે દિવસ સુધી અમદાવાદ શહેરમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી રહી શકે છે. જેના પગલે અમદાવાદ શહેરમાં રેડ એલર્ડ આપવામાં આવ્યું છે. લોકોને કામ સિવાય ઘરમાં જ રહેવાની સૂચના આપવામાં આવી છે.

હાલ સમગ્ર રાજયમાં કાળઝાળ ગરમી પડી રહી છે. તેમાં પણ રેડ એલર્ટ આપવામાં આવતા આગામી બે દિવસ અમદાવાદ શહેર માટે મહત્ત્વના બની રહેશે. અમદાવાદ શહેરમાં અમુક વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચી જશે તેવું હવામાન વિભાગનું કહેવું છે.

# કોરોના:વિશ્વમાં સૌથી વધુ નવા કેસ જર્મનીમાં, અમેરિકામાં બે દિવસમાં ૨૮% વધ્યા



ન્યુયોર્ક,તા.૨૯

કોરોનાના નવા કેસ હજુ પણ દુનિયાના અમુક દેશોમાં ચિંતાનું કારણ બની રહ્યા છે. જર્મનીમાં એક દિવસમાં દુનિયાભરમાં સર્વાધિક નવા કેસ સામે આવી રહ્યા છે. જર્મનીમાં બુધવારે ૧,૨૪,૮૬૩ નવા કેસ આવ્યા જે છેલ્લા બે દિવસની તુલનાએ ૪૩ ટકા વધુ છે. જર્મનીમાં ૨૫ એપ્રિલે ૮૬,૯૮૦ નવા કેસ આવ્યા હતા. બીજી બાજુ અમેરિકામાં પણ ૨૫ એપ્રિલે ૪૫,૦૯૧ નવા કેસ આવ્યા હતા. જોકે ૨૭ એપ્રિલે અહીં ૫૭,૭૩૮ કેસ આવ્યા. આ દૃષ્ટિએ આ ૨૮ ટકાનો વધારો છે. પ્રસિદ્ધ અમેરિકી ડૉક્ટર એન્થની ફૌસીએ બુધવારે કહ્યું કે અમેરિકામાં મહામારીનો હજુ અંત થયો નથી. અગાઉ તેમણે કહ્યું હતું કે અમેરિકા મહામારીના એક તબક્કાથી બહાર આવ્યું છે.

ડબ્લ્યૂએચઓના પ્રમુખ ડૉ. ટ્રેડ્રોસ ગેબ્રેયાસસે ફરી ચેતવણી આપી કે કોરોના સંક્રમણની અવગણના કરવી દુનિયા માટે ઘાતક સાબિત થશે. ગેબ્રેયાસસનું નિવેદન એવા સમયે આવ્યું છે જયારે બુધવારે દુનિયાભરમાં કોરોનાકાળ દરમિયાન ૧ દિવસમાં સૌથી ઓછા ૧૫,૬૬૮ મૃત્યુ નોંધાયાં હતાં.ચીન સહિત પૂર્વ એશિયાના દેશોમાં કોરોનાના નવા કેસ ઝડપથી વધ્યા છે. દ.કોરિયામાં બુધવારે ૭૬ હજારથી વધુ નવા કેસ નોંધાયા. અહીં આઉટડોરમાં માસ્ક ફરજિયાત કરી દેવાયું છે. જાપાનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૮ હજારથી વધુ નવા કેસ આવ્યા બાદ ઓસાકામાં પ્રાથમિક શાળાઓ બંધ કરી દેવાઇ છે.

નવી દિલ્હીની જુદી જુદી હોસ્પિટલોમાં કોરોનાના દર્દી માટે ૯,૩૯૦ બેડ ઉપલબ્ધ છે. અહીં ફક્ત ૧૨૯ દર્દીઓ જ દાખલ છે. જોકે નવી દિલ્હીમાં સક્રિય કેસ લગભગ ૫,૦૦૦ છે. દેશમાં હાલમાં કોરોનાના ૧૬,૯૮૦ સક્રિય કેસ છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૩૦૩ નવા કેસ સામે આવ્યા. બુધવારે કોરોનાના ૨,૯૩૭ કેસ નોંધાયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે જણાવ્યું કે છેલ્લા ૨૪ કલાકમાં ૩૯ મૃત્યુ થયાં, જેનાથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને ૫,૨૩,૬૯૩એ પહોંચી ગઈ. દેશમાં પોઝિટિવિટી રેટ ૦.૦૪ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૫૬૩ દર્દી સાજા થયા, જેનાથી રિકવર થનારા દર્દીઓની સંખ્યા વધીને ૪,૨૫,૨૮,૧૨૬ને આંબી ગઈ. દેશભરમાં કુલ ૪,૯૭,૬૬૯ કોરોના ટેસ્ટ કરાયા હતા.

# શ્રી પરશુરામ ભગવાન પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સહભાગી કાર્યકરોને સન્માનિત કરી આભાર વ્યક્ત કરાયો




રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ભગવાન શ્રી જગન્નાથજી ના મંદિર સાનિધ્યમાં નવ નિર્મિત શ્રી પરશુરામ મદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન ખભે ખભો મિલાવીને પ્રસંગને સફળ બનાવવા સહભાગી બનેલાં સેવાભાવી કાર્યક્રમોનો અભિવાદન સાથે આભાર દર્શન કાર્યક્રમ શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળ દ્વારા આયોજીત કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે ઉપસ્થિત રહેલા શ્રી જગન્નાથ મંદિર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી પિયુષભાઈ આચાર્યે એ સેવાભાવી યુવાનોની દિવસ રાત જોયા વિના હજારો ભાવિક ભકતો માટે ભોજનની સુંદર વ્યવસ્થા સહિતના કાર્યો માટે ખડે પગે ઊભા રહી સાંકડા રસ્તાઓ , નાની વાડીઓ હોવા છતાં પોતાની આગવી કોઠા સૂઝ તેમજ સેવા ભાવનાથી શ્રી પરશુરામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં આવેલા ભૂદેવો તેમજ આમંત્રિત મહેમાનોની સેવામાં તત્પર રહેલા દરેક કાર્યકરોને શુભકામનાઓ પાઠવી હતી તો ટ્રસ્ટના સિનિયર ટ્રસ્ટી પ્રવીણભાઈ બારોટ, અમરતભાઈ મહેતા,અશોકભાઈ ત્રિવેદીએ પણ યુવાનો ની સેવા પ્રવૃતિ ને બિરદાવી પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું.આ પ્રસંગે ટ્રસ્ટી હર્ષદભાઈ રાવલ અને પુજારી કનુભાઈ શુક્લ તેમજ પ્રવીણભાઈ બારોટે યુવાનો ને કાયમી ધોરણે સંગઠનને મજબૂત બનાવી રાખવા અપીલ કરી હતી.તો સેવાભાવી

કાર્યકરોની સેવા પ્રવૃતિ ની યાદગીરી રૂપે જાણીતા ગવૅમેન્ટ એપ્રુવ કોન્ટ્રાકટર અને આજ વિસ્તારના યુવા સેવાભાવી અગ્રણી

મયુરભાઈ પટેલ પરિવાર દ્વારા નાનકડી ભેટ અર્પણ કરવામાં આવી હતી.આ પ્રસંગે સ્વાદિષ્ટ ભોજન બનાવનાર કાંતિભાઈ પટેલ તેમજ તેમના પુત્ર સચિનભાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલ રસોઈ ની મુક્તમને પ્રશંસા કરવામાં આવી હતી.તો પ્રાણ્રતિષ્ઠા મહોત્સવની પૂર્વ સંધ્યાએ આયોજિત ભજન સંધ્યામાં વિના મૂલ્યે સેવા આપનાર પાટણના જાણીતા કલાકાર ધિરેનભાઈ મહેતા , ગોરલબેન ત્રિવેદી,ધવલ રાવલ તેમજ તેમના કલાકારો ની ટીમ ની ખાસ નોંધ લેવામાં આવી હતી તો ધીરેન મહેતાએ પરશુરામ મંદિર તેમજ જગદીશ મંદિરના કારક્રમો માટે આજીવન વિના મૂલ્યે સેવા આપવાની જાહેરાત કરતા ઉપસ્થિત સૌ કોઈ એ આનંદ વ્યક્ત કર્યો હતો.જયારે મંદિરના યુવાન પૂજારી કનુભાઈ શુક્લએ સૌ યુવા સેવાભાવી ભકતોની પરમાત્મા રક્ષણ કરે તેવી મંગલ કામના સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા



રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજીની અધ્યક્ષતામાં તથા માન. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજી ની ઉપસ્થિતિમાં આયોજિત પદાધિકારી સંમેલન ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હૉલ, મેમનગર, કર્ણાવતી ખાતે કાયૅક્રમ માં ડાંગ જીલ્લા ભાજપ પ્રમુખ શ્રી દશરથભાઈ પવાર , માન. ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, માન. જીલ્લા પ્રભારીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન.શ્રીમતિ સીતાબેન નાયક જીલ્લા પંચાયત પ્રમુખશ્રી મંગળભાઈ ગાવિત,જીલ્લા મહામંત્રી કિશોરભાઈ ગાવિત, રાજેશભાઈ ગામીત, ઉપપ્રમુખ ગિરીશભાઈ મોદી,ગુજરાત પ્રદેશ આદિજાતિ મોરચાનામંત્રી સુભાષભાઈ ગાઇન,પ્રવીણભાઈ આહીરે, સંજયભાઈ પાટીલ, સંજયભાઈ વ્યવહારે, સુમનબેન દળવી, રણજીતાબેન પટેલ, ઉર્મિલાબેન ખેરાટ,જીલ્લા ના મોરચાના પ્રમુખ મહામંત્રીઓ સહિતની ટીમ, જીલ્લા સંગઠનના આગેવાનો,મંડલ સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહીયા હતા

નરેન્દ્ર પવાર,ડાંગ

# અમારી સરકારનો સપાટો- રાજુ રદી ઉવાચ!!

"જોયું, અમારી સરકારનો સપાટો ?" રાજુ રદી બોચી પર વળેલો પરસેવો લૂંછતા પોરસાયો.

" સરકારે શી મોટી ધાડ મારી? " મેં સામે સવાલ કર્યો.

"અમે અમે અમેપ." રાજુ રદીની રેકર્ડની પીન ચોંટી ગઇ.

રશિયા અને યુક્રેનના યુધ્ધમાં સંધિ કે યુધ્ધ વિરામ કરાવ્યો?"મેં સવાલ પૂછ્યો.

"ના ગિરધરભાઇ." રાજુએ નીચી મુંડી કરી જવાબ આપ્યો.

" ગેસનો બાટલો સો રૂપિયે કરી નાંખ્યો?" સણસણતો બીજો સવાલ.

"ના ના ભાવ વધારો વિકાસની પારાશીશી છે." પાર્ટી આઇટી સેલ તૈયાર કન્ટેન્ટ વાગોળતાં રાજુ બોલ્યો.

"ચારસો રૂપિયાના લીંબુનું મફતમાં હેડગોવર લીંબુ વિતરણ યોજના હેઠળ વિતરણ શરૂ કર્યું?" અમારો ત્રીજો તેજતર્રાર સવાલ.

"ના. ના."રાજુની મુંડી નકારમાં વધુ નીચી થઇ.

"સિંગતેલ- કપાસિયાના ભાવો પ્રતિ કિલો દસ કર્યા?" અમારો ચોથો ચક્રવર્તી સવાલ.

ના. ભાઇ. ના." રાજુની મુંડી નકારમાં વધુ નીચી થઇ.

" પેટ્રોલ-ડિઝલના ભાવ લીટરે દસ રૂપિયે કર્યો? હું સાઇકલની ટાંકી ફૂઅલ કરાવી દઇશ." મેં રાજુ રદીને ટોણો કર્યો!!

" ના .ના." રાજુ નરમ મીણ થયો.

"હિન્દુ મુસ્લિમ દંગા બંધ થયા?" મેં પૂછયું.

"ના " રાજુનો જવાબ.

"ગિરધરભાઇ. તમે તર્ક કુતર્ક ન કરો.સરકાર અમારી છે. સપાટો બોલાવ્યો છે" રાજુએ પુનરોચ્ચાર કર્યો.

"રાજુ. સરકારે શું કર્યું કે દેડકાની જેમ ડ્રાંઉ ડ્રાંઉ કરે છે!!" મેં કહ્યું.

" ગિરધરભાઇ. એપ્રિલ માસમાં કેટલી બધી ગરમી પડી? કેટલા વરસોના રેકોર્ડ તોડી નાંખ્યા. એપ્રિલ માસમાં ૪૪ ડિગ્રી ગરમી પડી.સો વરસમાં આવી ગરમી પડી છે. રવિવારે ૪૬ ડિગ્રી ગરમી પડશે. મે મહિનામાં ગરમીનો કાંટો પંચાસે પહોંચશે. આઝાદીના પંચોતેર વરસમાં આવી ગરમી પાડી નથી. કોઇ સરકારે ગરમી વધારવા ધ્યાન આપ્યું નથી. અમારી સરકારે ગરમી વધારવાની ફાઇલ શોધી, ધૂળ ખંખેરી, સાફ કરી ગરમી વધારવાની યોજનાને મંજૂરીની મહોર મારી છેપપ" રાજુએ અક્કડ નજરે મારી સામે જોયું!!

મેં અંધભકત રાજુને કોટિ કોટિ પ્રણામ કર્યા અને મુઠીઓ વાળીને ભાગી છૂટ્યો!!!

ભરત વૈષ્ણવ

---

અમારા ભેજાગેપ મગજની ગરમીથી
તાવડીમાં તલ તડતડ તડતડ કરે છે.
શેખચલ્લીએ વાવડીએ પાઘડી બાંધી ,
ખેંચતાં વાવડી ફડફડ ફડફડ કરે છે
સોળ વરસની સુંદરી જોઈ ને બેહોશ,
મનના મયુર બડબડ બડબડ કરે છે.
મિલનનો વાયદો કરીને કેમ ન આવ્યા,
શંકા કુશકાઓ લડલડ લડલડ કરે છે.
પ્રેમભંગ પછી સૌએ પાત્રો પસંદ કર્યા,
રખડી ગયેલાઓ રડરડ રડરડ કરે છે.
ભરત વૈષ્ણવ

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0013
વિષય બિન્દાસ
પ્રકાર પદ્ય
શીર્ષક બિન્દાસ
નામ ઘનશ્યામ વ્યાસ.

જાતને શોધવા
બિન્દાસ બોલજો.
શબ્દોને શોધવા
બિન્દાસ બોલજો.
પ્રેમનો આભાસ કરવા
બિન્દાસ બોલજો.
શબ્દોને વાચા આપવા
બિન્દાસ બોલજો.
પ્રેમ આપી શકો તો
બિન્દાસ બોલજો.
હૃદય ખોલીને
બિન્દાસ બોલજો.
ઘરમાં ન બોલાય
તો બહાર આવીને
બિન્દાસ બોલજો.
મીઠાશના શબ્દો
બિન્દાસ બોલજો.
હું તમને જો મળું
અને કદાચ ન બોલું
પણ તમે મને જોઈને
બિન્દાસ બોલજો.
સાહિત્ય સરિતા
આપણી જ છે.
શુભ શુભ લખો
બિન્દાસ લખો.
ઘનશ્યામ વ્યાસ.

---

NOG SS No.0007
પ્રકાર : ગદ્ય, લઘુ વાર્તા
વિષય : બિન્દાસ
શીર્ષક : વણઝારા

" વિદ્યા, આમ બધી વાતોને આટલી સરળતાથી નહીં લેવાની.થોડીક ગંભીર થા.તારો આ બેફીકરો અને બિન્ધાસ્ત સ્વભાવ તને કોઈ દિવસ મુસીબત માં મૂકી દેશે."સુગંધાએ વિદ્યાને ખીજાઈને કહ્યું.વિદ્યા અને સુગંધા બંને જીગરજાન સખીઓ હતી.નાનપણથી સાથે જ ઉછરી હતી.વિદ્યા નાનપણથીજ બિન્ધાસ્ત,બેફીકરા સ્વભાવની હતી.કોઈનાથી ન ડરે.એ હંમેશા કહેતી," જો ડર ગયા સો મર ગયા,જીના હૈ તો ખુલકે જીઓ.ઈશ્વરે એક જ તો જીંદગી આપી છે એને આમ ડરી ડરીને જીવ્યા તો શું જીવ્યા.બિન્દાસ્ત જીવવા માં જે મજા છે એની તને શું ખબર સુગંધા!" અને સુગંધા વિદ્યાના આ નાટકીય વાક્યો સાંભળીને હસી પડતી અને કહેતી, "તને કોઈ ન પહોંચે."

આમ જ હસી મજાક કરતાં કરતાં એક દિવસ બંને સખીઓ કોલેજથી પરત ઘરે ફરી રહી હતી.?ત્યારે રસ્તામાં એક વણઝારાઓનો કબીલો જઈ રહ્યો હતો.વિદ્યા એ કબીલાને જોઈને તાનમાં આવી ગઈ.સુગંધાની લાખ ના પાડવા છતાં એ સુગંધાને લઈને એ કબીલાના ટોળામાં ઘૂસી ગઈ અને ટોળાંની સ્ત્રીઓ સાથે વાતો કરવા લાગી.થોડીવાર થઈ કે કબીલો ત્યાંથી પસાર થઈ ગયો અને એ ટોળામાં એક જીગરજાન સખી પણ.એ વાતને પચ્ચીસ વર્ષ વીતી ગયાં. વિદ્યા પોતાનાં પરિવાર સાથે ગીરની તળેટીમાં ફરવા ગઈ હતી. ત્યાં એણે એક ચિરપરિચિત અવાજ સાંભળ્યો."ગીટ્ટી તને કેટલીવાર કહ્યું આમ બધી વાતોને તું આટલી સરળતાથી નહીં લે.થોડીક ગંભીર થા.તારો આ બિન્ધાસ્ત, બેફીકરો સ્વભાવ કો'ક દિવસ કો'ક ને મુસીબતમાં મૂકી દેશે.જેમ હું.........!"કહીને એક ડુસકાનો અવાજ ઝરણાં ના ખળ ખળ વહેતાં પાણીમાં વિલીન થઈ ગયો.વિદ્યાએ એ અવાજનો પીછો કર્યો.પરંતુ એ પડછાયો જંગલની ઘટાદાર વનરાઈઓમાં અલોપ થઈ ગયો.

લેખિકા : આરતી અઢીયા મરચંટ
મુંબઈઃ કાંદિવલી

---

NOG SS No-0011
સાહિત્ય સરિતા
વિષયઃ- બિન્દાસ
પ્રકારઃ- પદ્ય-મૌલિક રચના
શબ્દોઃ-૭૮
શીર્ષકઃ- વટ પડે....

મદમસ્ત એ બિન્દાસ છોરીનો વટ પડે,
નટખટ તોફાની તીખી છોરીનો વટ પડે...વટ પડે
કાળાં ચશ્માં પહેરે તો લાગે છે રૂપાળી,
હસે ગુલાબી હોઠમાં ને ગાલમાં ખાડા પડે...વટ પડે
રાતી બંગડીઓ ને રાતી ચૂંદડીઓ ઓઢે,
નવલી રાતે નવોઢાની એન્ટ્રી જબરી પડે...વટ પડે
લાલ લિપસ્ટીક ને મોટી કાનમાં કડીઓ,
આંગળીથી ઝુલ્ફોની વાંકીચૂકી ભાત પડે....વટ પડે
પરી આકાશની કે પહાડી જોગમાયા ફરે,
હવામાં ચોટલો ફેરવતી નાગકન્યાનો વટ પડે...વટ પડે

મનોજકુમાર પંચાલ "મન", પાલનપુર
બાંહેધરીઃ- આ રચના મારી સ્વરચિત અને અપ્રકાશિત છે.

# દિયોદરની પરિણીતાએ બે દીકરીઓ સાથે કેનાલમાં પડતું મૂકી મોતની છલાંગ લગાવી

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

દિયોદરના ચમનપુરા ગામની પરિણીતા મંગળવારે સવારે બે દિકરીઓ સાથે દિયોદર ખરીદી કરવાનુ કહી નીકળી હતી. ત્યારે લુદરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં અગમ્ય કારણોસર મોતની છલાંગ લગાવી હતી. દિયોદર તાલુકાના જાડા ગામે પિયર ધરાવતી ચમનપુરા ગામની પરિણીત પ્રભાબેન મહેશભાઈ જોશી મંગળવારે સવારે પોતાના સાસરે ચમનપુરા ગામેથી બે દીકરીઓ સંધ્યા (ઉં.વ.૬) તથા શ્રદ્ધા (ઉં.દોઢ વર્ષ) સાથે દિયોદર ખરીદી કરવાનું કહી નીકળી હતી. ત્યારબાદ પરિણીતા તેણીની બે પુત્રીઓ સાથે લુદરા ગામ પાસેથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં અગમ્ય કારણોસર છલાંગ લગાવી હતી.

જે અંગેની જાણ થતાં ઘટના સ્થળે લોકો ઉમટયા હતા. ત્યારે તરવૈયાઓ દ્વારા માતા અને બંને પુત્રીઓની લાશ બહાર નિકાળવામાં આવી હતી. જયારે માતા અને બંને પુત્રીઓના ચમનપુરા ગામે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જોકે, આ ઘટનાનું રહસ્ય અકબંધ રહેવા પામ્યું હતું. મૃતક ચમનપુરા ગામના પ્રભાબેન મહેશભાઈ જોશી, પુત્રી સંધ્યા અને પુત્રી શ્રદ્ધાનું કરૂણ મોત નિપજતા સમગ્ર પંથકમાં અરેરાટી મચી જવા પામી હતી.

# લીંબુ શરબત બનાવવાનો પ્રોજેક્ટ રજુ કરી જીવન જીવવાનું શિક્ષણ આપતાં કુંભણ કેન્દ્રવર્તી શાળાના ઈનોવેટીવ શિક્ષક દંપતી શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડ







શિક્ષણની સંકલ્પના વિશાળ છે તેને સમજવા માટે પોતાની જાતને એક બાળકના સ્વરૂપમાં ઢાળવી પડે× આવા પ્રયોગાત્મક અભિગમથી ભાવનગર જિલ્લા અને ગુજરાત રાજ્યમાં 'ઈનોવેટીવ શિક્ષક દંપતી' તરીકે પ્રસિદ્ધ થયેલા શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડ એ વધુ એક નાના બાળકોને લીંબુ શરબત બનાવવાનો અને શીખવવાનો પ્રયોગ રજુ કર્યો છે. કુંભણ ગામના ધોરણ ૧ અને ૨ ના તમામ બાળકો માટે વર્ગખંડમાં જરૂરી સામગ્રી લાવીને બાળકોની હાજરીમાં લીંબુ શરબત કેમ બનાવવું ? તેનું નિદર્શન કર્યું હતું. પાણી- લીંબુ - ખાંડ- નમક નું પ્રમાણ પણ સમજાવ્યું હતું. આ પ્રયોગ નો અનુબંધ ધોરણ - ૨ ના ગણિત વિષયમાં આવતા એકમ - ૨૧ 'જગ અને મગ' ની અધ્યયન નિષ્પતિ- ચમચી, કપ, ડોલ જેવા અપ્રમાણિત પાત્રો દ્વારા આપેલા પત્રના કદ અને ગુંજાશ નો અંદાજ માપવા કરેલ છે.

આ સાથે વર્ગની હાજર સંખ્યા ને કેટલું શરબત જોઈએ? કેટલા ગ્લાસ શરબત બનાવવું પડે? અંદાજીત કેટલી ચમચી ખાંડ નાખવી પડે? અંદાજિત કેટલા લીંબુ જોઈએ? જેવી પ્રશ્નોત્તરી દ્વારા બાળકોને જે તે માપ અને જથ્થા વિશે અંદાજ લગાવતા શીખવ્યું હતું. ત્યારબાદ વર્ગના તમામ બાળકોને શરબત પીવડાવી આનંદ ની અભિવ્યક્તિ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ શિક્ષક દંપતીએ કોરોના સમયમાં વર્ક ફ્રોમ હોમ ના સમયગાળામાં ૨૦૦૦ જેટલા શૈક્ષણિક રમકડાંઓ જાતે બનાવી ઘરે ઘરે જઈને શિક્ષણથી વંચિત બાળકોને શિક્ષણ પૂરું પાડ્યું હતું તેમાંથી રમેશભાઈ બારડની ×મલ્ટીપર્પજ એજ્યુકેશનલ કાર્ટ× રમકડા કૃતિએ નેશનલ કક્ષાના રમકડાં મેળામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.તેમજ આ ઈનોવેટીવ દંપતી ને ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા 'પ્રતિભાશાળી શિક્ષક સન્માન' મળેલ છે. તેમનાં આવા પ્રયોગાત્મક કાર્યના અનુસંધાને ગુગલ સર્ચ એન્જિને 'રમેશભાઈ બારડ' અથવા 'રમકડાં દ્વારા શિક્ષણ' પોપ્યુલર ટોપીક તરીકે સિલેક્ટ કરેલ છે.

# લગ્નની મહેંદી રચેલી પ્રેમિકાને પ્રેમી એ મોત ને ઘાટ ઉતારી, પ્રેમીનો આપઘાતનો પ્રયાસ

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

વાવના પ્રતાપપુરાની સીમમાં મંગળવારની રાત્રે પ્રેમીએ પ્રેમિકાના ગળે કૂહાડીના ૩ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી જાતે ગળાના ભાગે કૂહાડી ઘસી આત્મહત્યાની કોશિશ કરતાં પોલીસે યુવકને સારવાર અર્થે ખસેડી હત્યાનો ગુનો નોંધ્યો છે.

પ્રતાપપુરા ગામની સીમમાં યુવક-યુવતી લોહીલુહાણ હાલતમાં પડયા હોવાની જાણ વાવ પોલીસને થતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં યુવતીના ગળાના ભાગે કૂહાડી વડે ત્રણ ઘા ઝીકેલા હોવાથી મૃત્યુ પામી હતી. યુવકને સારવાર અર્થે પાલનપુર ખસેડાયો હતો.

મૂળ રાજસ્થાનના લાસુબેન (૨૩) (મૃતક)ના પિતા કાંનાભાઈ માજીરાણા ખીમાણાવાસ ગામે ભાગીયા તરીકે કામ કરતા હતા.લાસુબેન મંગળવારની સાંજથી ગુમ હતા. જયારે ઈજાગ્રસ્ત યુવક લુભેશ હરજી માજીરાણા પ્રતાપપુરા ગામે ભાગીયા તરીકે કામ કરતો હતો. બન્ને પ્રેમી પંખીડા હોવાનુ બહાર આવ્યું હતું. હત્યારાની હાલત ગંભીરપ્રેમિકાની હત્યા કર્યા બાદ પ્રેમીએ જાતે ગળાના ભાગે કૂહાડીના ઘા મારી આત્મહત્યા કરવાની કોશિશ કરતાં સારવાર અર્થે પાલનપુર સિવિલ ખાતે ખસેડાયો હતો.જોકે ફરજ પરના તબીબે યુવકની હાલત વધુ ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડયો હતો. હત્યારા પ્રેમીના તા.૧લી મે, મૃતક પ્રેમિકાના ૧૦ દિવસ બાદ અન્યત્ર લગ્ન લેવાના હતાં.પ્રેમિકાની હત્યા કરી આત્મહત્યાની કોશિશ કરનાર પ્રેમીના આગામી ૧ મેના રોજ લગ્ન થવાના હતા. તેના પરિવાર દ્વારા લગ્નની ખરીદી કરી હતી.તેમજ મરણ જનાર યુવતીના ૧૦ દિવસ બાદ અન્યત્ર લગ્ન લેવાના હતા.આમ બન્નેના અલગ અલગ જગ્યાએ લગ્ન થવાના હતા.

મૃતક યુવતીએ લગ્નનો પોષાક પહેરેલો હતો યુવતીએ હાથમાં મહેંદી રચાવી નવા ખરીદેલા લગ્ન પોષાક સાથે નવા લગ્ન સમયે પહેરે તેવા ચંપલ પહેરેલા હતા. તેના ગળાના ભાગે ત્રણ ઘા ઝીંકી તેની હત્યા કરવામાં આવતાં અનેક શંકાઓ ઊઠવા પામી હતી.જો કે લગ્ન બાબતે હત્યા થઈ હોવાનુ અનુમાન લાગી રહ્યુ છે. બંને વચ્ચે કુટુંબિક ભાઈ-બહેનનો સંબંધમરણ જનાર લાસુબેનના પિતા કાંનાભાઈ માજીરાણા અને હત્યારા યુવક લુંભેશના પિતા હરજીભાઈ કુટુંબિક ભાણેજ થતા હતા. આમ બનને યુવક યુવતીના પિતા એક બીજાના મામા-ફોઈના દીકરા-ભાઈ હોવાથી બન્નેના સંતાન એટલે કે યુવક-યુવતી વચ્ચે સગામાં ભાઈ બહેનનો સબંધ હતો.

## યુવતી મંગળવારની સાંજથી ગુમ હતી: PSI

આ ઘટના સદર્ભે પીએસઆઈ કે.જી.પરમારે જણાવ્યુ હતુ કે, ખીમાણાવાસ ગામેથી મંગળવારની સાંજના ગુમ થયેલ યુવતીના મૃતદેહ નજીકથી હત્યામાં વપરાયેલ કુહાડી, એક મોબાઈલ તેમજ એક પાણીની અડધી બોટલ મળી આવી હતી.

# રાજા પુરંજનની કથા




જે મનુષ્ય પુર્ણ ગૃહસ્થાશ્રમમાં રહીને પત્ની, પૂત્ર અને ધનને જ પરમ પુરૂષાર્થ માને છે તે અજ્ઞાનના લીધે સંસારરૂપી અરણ્યમાં જ ભટકતો રહેતો હોવાથી પરમ કલ્યાણને પ્રાપ્ત કરી શકતો નથી. મનુષ્ય લૌકિક સુખમાં એવો ફસાયેલો છે કે "હું કોણ છું?" તેનું તેને જ્ઞાન થતું નથી.જે પોતાના સ્વરૂપને (આત્માને) ઓળખી શકતો નથી તે પરમાત્માને કેવી રીતે ઓળખી શકે?

પ્રાચીન કાળમાં પુરંજન નામે મહાન યશસ્વી રાજા હતો.રાજાનો એક મિત્ર હતો તેનું નામ અવિજ્ઞાત.અવિજ્ઞાત પુરંજનને સુખી કરવા સતત પ્રયત્નશીલ રહેતો અને પુરંજનને આ વાતની ખબર ના પડે તેની કાળજી રાખતો. જીવ અને ઈશ્વરની મૈત્રી છે.અવિજ્ઞાત તે ઈશ્વર છે.ઈશ્વરને જીવ પ્રત્યે અપાર કરૂણા છે.જીવને ગુપ્ત રીતે હર પળે મદદ કરે છે તેથી મદદ આપનારો કોણ છે તે દેખાતું નથી.પરમાત્મા પવન,પાણી પ્રકાશ,બુદ્ધિ બધું જીવને આપે છે પછી કહે છે બેટા એક કામ તું કર અને એક કામ હું કરૂં.તારી અને મારી મૈત્રી છે.ધરતી ખેડવાનું કામ તારૂં,વરસાદ વરસાવવાનું કામ મારૂં. બીજ તારે રોપવાના અને એમાં અંકુર પ્રગટાવવાનું કામ મારૂં. બીજ ઉત્પન્ન થયા બાદ રક્ષણનું કામ તારૂં, પોષણનું કામ મારૂં.આ બધું કરવા છતાં હું સઘળું કરૂં છું તે જીવને ખબર પાડવા દેતા નથી.પ્રભુની આ અવિજ્ઞાત લીલા છે. તે પછી ભગવાન કહે છે ખાવાનું કામ તારૂં અને પચાવવાનું કામ મારૂં, ખાધા પછી સુવાનું કામ તારૂં, જાગવાનું કામ મારૂં, ઈશ્વર સુત્રધાર છે તે સુતો નથી. નિદ્રામાં પણ આપણું રક્ષણ કરે છે.

આપણે રેલગાડીમાં સારી જગ્યા મળે તો સુઈ જઈએ છીએ પણ એન્જીનનો ડ્રાઈવર સુઈ જાય તો? આ બધું પરમાત્મા કરે છે છતાં જીવ વિચાર કરતો નથી કે મને કોણ સુખ આપે છે? પ્રભુના જીવ પર કેટલા બધા ઉપકાર છે છતાં જીવ કૃતઘ્ન છે.

રાજા પુરંજન પોતાનું રહેવા લાયક સ્થાન શોધવા આખી પૃથ્વી પર ફરી વળ્યો તો પણ તેને કોઇ અનુરૂપ સ્થાન મળ્યુ નહી.તેને જાત જાતના ભોગોની લાલસા હતી તેને ભોગવવા માટે તેણે સંસારના જેટલા નગર જોયા તેમનામાંનું કોઇપણ તેને ઉચિત લાગ્યું નહી.પુરંજન એ જીવાત્મા છે.પુરંજને વિચાર કર્યો નહિ કે હું કોના લીધે સુખી છું? સર્વદા ઉપકાર કરનાર ઈશ્વરને ભૂલીને તે એક દિવસ નવ દરવાજા વળી નગરીમાં દાખલ થયો.નવ દરવાજા વાળી નગરી તે માનવ શરીર. શરીરને આંખ કાન નાક.. વગેરે નવ દરવાજા છે ત્યાં આવ્યા પછી તેને એક સુંદર સ્ત્રી મળી.પુરંજને તેને પૂછ્યું તમે કોણ છો? સ્ત્રી એ જવાબ આપ્યો હું કોણ છું? મારૂં ઘર ક્યાં છે? મારા માતાપિતા કોણ છે મારી જાતિ કઈ છે? તે કશું હું જાણતી નથી પણ તમારે પરણવું હોય તો હું તૈયાર છું. હું તને સુખી કરીશ. સુંદર દેખાતી હતી એટલે કશું પણ વિચાર કર્યા વગર પુરંજને તેની સાથે લગ્ન કર્યું. બુદ્ધિ તથા અવિદ્યાને જ પુરંજની નામની સ્ત્રી જાણવી,એના કારણે દેહ ઈન્દ્રિયોમાં હું-મારાપણાનો ભાવ ઉત્પન્ન થાય છે અને મનુષ્ય તેનો આશ્રય લઈને ઈન્દ્રિયો વડે વિષયોનો ભોગ કરે છે.દશ ઈન્દ્રિયો એ તેના મિત્રો છે જેમનાથી જ્ઞાન અને ક્રિયાઓ થાય છે.ઈન્દ્રિયોની વૃત્તિઓ તેની સખીઓ છે અને પાંચ પ્રાણ એ પાંચ ફણાવાળો સાપ છે.તે સ્ત્રીમાં એવો આસક્ત થયો કે થોડા સમયમાં તેને ૧૧૦૦ પુત્રો થયા. વિચાર કરો..સંસારસુખ ભોગવવાની ઈચ્છા અને સંકલ્પવાળો જીવ એ બુદ્ધિ સાથે પરણે છે. બુદ્ધિ જાણતી નથી કે તેના માતાપિતા ઘર વગેરે ક્યાં છે? ઈન્દ્રિયો ૧૧ છે.એક એક ઈન્દ્રિયોના ૧૦૦ સંકલ્પો તે એક એકના સો પુત્રો, તે પુત્રો માંહે માંહે લડે છે. એક વિચાર ઉદભવે તેને બીજો દબાવી દે છે. સંકલ્પ વિકલ્પથી જીવને બંધન થાય છે.

ઘણા વર્ષો સુધી પુરંજન સંસાર સુખ ભોગવે છે.બીજી બાજુ કાળદેવની દીકરી "જરા" સાથે કોઈ લગ્ન કરતુ નહોતું, તે કહે છે મને કોઈ વર બતાવો, તેને કહે છે કે તને વર બતાવું. પુરંજનનગરીમાં એક જીવ છે તે તારી સાથે લગ્ન કરશે પછી પુરંજનની ઈચ્છા ન હોવાં છતાં જરા (વૃદ્ધાવસ્થા) તેને વળગી. પુરંજનનું બીજું લગ્ન જરા સાથે થયું. જરા (વૃદ્ધાવસ્થા) સાથે લગ્ન થયા પછી પુરંજનની દશા બગડી છે. શરીર વૃદ્ધ થયું છે.ભોગ ભોગવે એને જરા-વૃદ્ધાવસ્થા વળગે છે.યોગીને જરા અવસ્થા વળગી શકે નહિ. જવાની એ ×જવા× ની જ છે.વૃદ્ધાવસ્થામાં વાસના વૃદ્ધ થતી નથી,મોહ છૂટતો નથી અને પછી મૃત્યુનો સેવક પ્રજ્વાર આવે છે.(પ્રજ્વાર એટલે અંતકાળનો જ્વર (તાવ).

સ્ત્રીમાં અતિ આસક્ત હોવાથી અંતકાળમાં સ્ત્રીનું ચિંતન કરતાં શરીર છોડવાથી પુરંજન વિદર્ભ નગરીમાં કન્યા-રૂપે જન્મ્યો.એવું નથી કે કોઈ કાયમ માટે પુરૂષ કે કાયમ માટે સ્ત્રી થઇ પુનર્જન્મ પામે. આ શરીરમાં જીવ જે દ્રઢ વાસના કરે છે તે પ્રમાણે તેનો પુનર્જન્મ થાય છે.મનુષ્ય પોતાનું સ્વરૂપ પોતે જ નક્કી કરે છે.બાલ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં જે થોડા સત્કર્મો કરેલા હતા તેને પ્રતાપે વિદર્ભમાં પુરંજનનો જન્મ કન્યારૂપે (વૈદર્ભી) થયો. સમય જતાં તેનું લગ્ન દ્રવિડ દેશના રાજા પાંડ્ય (મલયધ્વજ) સાથે થયું.પાંડ્ય (મલયધ્વજ) રાજા ભક્ત હતા તેનાથી એક પુત્રી અને સાત પુત્રો થયા.

કથા શ્રવણ સત્સંગમાં રૂચિ તે ભક્તિ (પુત્રી). સાત પુત્રો ભક્તિના સાત પ્રકાર છે. (શ્રવણ, કિર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન અને દાસ્ય) આ સાત પ્રકારની ભક્તિ મનુષ્ય પ્રયત્ન કરવાથી પામી શકે છે પરંતુ આઠમી સખ્ય અને નવમી આત્મનિવેદન ભક્તિ પ્રભુ જેના પર કૃપા કરે છે તેને જ મળે છે. સાત પ્રકારની ભક્તિ સિદ્ધ કર્યા પછી એક વખત જયારે કન્યાના પતિનું મરણ થાય છે ત્યારે તે દુઃખી થાય છે. ત્યારે પરમાત્મા સદગુરૂ રૂપે આવી અને સખ્ય અને આત્મનિવેદન ભક્તિનું દાન કરે છે એટલે કે જે મિત્ર અવિજ્ઞાતને (પરમાત્માને) પુરંજન (જીવ) માયાને લીધે ભૂલી ગયો હતો તે સદગુરુ રૂપે આવ્યા અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો કે તું મને છોડીને (મારાથી વિખુટો પાડીને) નવ દ્વાર વાળી નગરી (શરીર)માં રહેવા ગયો ત્યારથી તું દુઃખી થયો છે પણ હવે તું તારા સ્વરૂપને ઓળખ. તું મારો મિત્ર છે, તું મારો અંશ છે, તું સ્ત્રી નથી કે પુરુષ નથી, તું મારા સામું જો.પુરંજન પ્રભુની સન્મુખ થયો.જીવ અને ઈશ્વરનું મિલન થયું. અને જીવ કૃતાર્થ થયો. મનની શુદ્ધિ કરવા માટે કર્મની જરૂર છે એટલે કે મનને એકાગ્ર કરવા 'ભક્તિ' (કર્મ)ની જરૂર છે અને સર્વમાં ઈશ્વરનો અનુભવ કરવા 'જ્ઞાન'ની જરૂર છે.જ્ઞાન ભક્તિ અને વૈરાગ્ય.. ત્રણે પરિપૂર્ણ થાય ત્યારે જીવ પરમાત્મા દર્શન કરી કૃતાર્થ થાય છે.

ભક્તમાળ પુસ્તકમાં મહાન સંત અમરદાસજીની કથા આવે છે.તેમની ઉંમર ત્રણ વર્ષની હતી ત્યારે તેમણે તેમની મા ને પૂછ્યું મા હું કોણ છું? મા એ જવાબ આપ્યો તું મારો દીકરો છું.અમરદાસ પૂછે છે દીકરો કોણ? કોનો? મા એ તેમની છાતી પર હાથ રાખી કહ્યું આ મારો દીકરો છે. અમરદાસ કહે એ દીકરો ક્યાં છે? એ તો છાતી છે.હવે મા એ તેનો હાથ પકડી કહ્યું આ મારો દીકરો છે. અમરદાસ કહે મા તે તો મારો હાથ છે. મા જો આ શરીર એ તારો દીકરો હોય તો તારૂં લગ્ન થયું ત્યારે હું ક્યાં હતો? મા કહે છે બેટા મારા લગ્ન પછી તારો જન્મ થયો છે. અમરદાસ કહે છે મા તું ખોટું કહે છે. લગ્ન પછી તો શરીરનો જન્મ થયો પણ તે પહેલાં તો હું ક્યાંક તો હતો જ તે મારૂં અસલી ઘર ક્યાં છે? જીવ અજ્ઞાનથી અનેક પ્રકારનાં કષ્ટો ભોગવતો રહી મનુષ્ય શરીરમાં પડ્યો રહે છે.છે.વાસ્તવમાં તો તે નિર્ગુણ છે પરંતુ પ્રાણ,ઈન્દ્રિયો અને મનના ધર્મોને પોતાનામાં આરોપીત કરીને હું-મારાપણાના અભિમાનથી બંધાઈને વિષયોનું ચિંતન કરતો રહીને જાત જાતના કર્મો કરતો રહે છે.આ જીવ પરમાત્માનો સનાતન અંશ હોવાછતાં જયાંસુધી કોઇ ક્ષોત્રિય બ્રહ્મનીષ્ઠ સદગુરૂના માધ્યમથી પ્રભુ પરમાત્માને જાણતો નથી ત્યાંસુધી પ્રકૃતિના ગુણોમાં બંધાયેલો રહે છે.

મનુષ્યનું અસલી ઘર પરમાત્માના ચરણમાં છે. 'હું કોણ છું' તેનો વિચાર કરવાનો છે.જીવનના લક્ષ્યને ભૂલવાનું નથી.જીવને ઈશ્વરનું જ્ઞાન તો નથી પણ જીવને હું કોણ છું? તેનું પણ જ્ઞાન નથી. વિષયોમાં જીવ એવો ફસાયો છે કે હું કોણ છું? તેનો પણ વિચાર કરતો નથી તો પછી પરમાત્માનો તો વિચાર પણ ક્યાંથી આવે? પુરંજન કથાનું આ રહસ્ય છે.જેનાથી પ્રભુ પ્રસન્ન થાય તે કર્મ અને જેનાથી પ્રભુમાં બુદ્ધિ પરોવાય તે જ્ઞાન.

કથા મનુષ્યને પોતાના દોષનું ભાન કરાવે છે અને ભાન કરાવી તે દોષો છોડાવે છે.જો માણસ સમજે અને પ્રયત્ન કરે તો પૂર્વ જન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરૂં કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઉભું કરવાનું નથી.એવું સાદું જીવન જીવવાનું કે જન્મ મરણનો ત્રાસ છૂટી જાય. આત્મ સ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતા જ મુક્તિ મળે છે. મનુષ્યને "જગત નથી" એવો અનુભવ થાય છે પણ "હું નથી" એવો અનુભવ થતો નથી."અહમ" નું વિસ્મરણ જલ્દી થતું નથી.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

